**ક્રમાંક–૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**બુધવાર, તા. ૨જી માર્ચ, ૨૦૨૨**

નામદાર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.
(રાજ્યપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ)

માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષપદે
બપોરના ૧૨.૨૦ વાગ્યે સભાગૃહની બેઠક મળી.
(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદે માતરમ્'' રાષ્ટ્રગીતની ધૂન બજાવી કરવામાં આવી)

૧. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી રાકેશભાઇ શાહે સભ્યશ્રી અભેસિંહ તડવીના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

૩. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ભારતરત્ન સ્વર સામ્રાજ્ઞી સ્વ. લતા મંગેશકર, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય સ્વ. ડો. આશાબેન દ્વારકાદાસ પટેલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી પ્રતાપસિંહ હીરાભાઇ પટેલ, સ્વ. શ્રી વ્રજલાલ દુર્લભજી જાની, સ્વ. શ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ અને સ્વ. શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહીલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ. શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય, સ્વ. શ્રી જગદીશચંદ્રજી દોલજીભાઇ ડામોર અને સ્વ. શ્રી જોરૂભા જેઠુભા ચૌહાણના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સુખરામભાઇ રાઠવા, સભ્યશ્રી રાજેન્દ્ર ત્રિવેદી, શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી ઋષિકેશભાઇ પટેલ, શ્રી બ્રિજેશ મેરજા, શ્રી નીતિનભાઇ પટેલ, શ્રી પરેશભાઇ ધાનાણી, શ્રીમતી મનીષાબેન વકીલ, શ્રીમતી નિમિષાબેન સુથાર, શ્રી વિરજીભાઇ ઠુમ્મર, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી કેતનભાઇ ઇનામદાર, શ્રી પુંજાભાઇ વંશ અને ડો. સી.જે.ચાવડાએ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૪. **સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય સ્વ. ડો.આશાબેન પટેલના માનમાં વિધાનસભાની પરંપરા મુજબ સભાગૃહની બેઠકનું બાકીનું કામકાજ મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને વિરોધપક્ષના દંડકશ્રી ડો. સી. જે. ચાવડાએ સમર્થન કરતા તદ્અનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, ગુરુવાર તા.૩જી માર્ચ ૨૦૨૨ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૧૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨જી માર્ચ, ૨૦૨૨

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ક્રમાંક–૨

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**ગુરુવાર, તા.૩જી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ ૨ નો મૌખિક જવાબ આપવામાં આવ્યો. ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતા ક્રમ ૪ની ચર્ચા હાથ ધરવામાં આવી.

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારના પ્રશ્નનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવી આપી રહ્યા હતા ત્યારે શાસકપક્ષ અને વિપક્ષના સભ્યશ્રીઓએ સામસામા સૂત્રોચ્ચાર કરતાં અને માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય લાગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય ત્યાં સુધી મુલતવી રાખ્યું. (બપોરના ૧૨.૫૩)

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ ૧ અને ૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૫ થી ૧૮૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**(મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૧.૦૦ વાગ્યે ફરી મળી)**

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરીની પુસ્તિકામાં પૂછાયેલા પ્રશ્નોના જવાબ અંગે**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે આજ તા. ૩જી માર્ચ ૨૦૨૨ની બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતા ક્રમ ૫, ૨૨, ૨૭, ૨૮, ૩૭, ૪૧, ૪૬, ૧૪૬ અને ૧૫૪ના એક સરખા પ્રશ્નોના જવાબ સાચા આપેલ નથી અને સરકારશ્રીએ માહિતી છૂપાવેલ છે તેવો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો. જેના પર માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરતાં જણાવ્યું કે મંત્રીશ્રીને કોઇ ચોક્કસ જવાબ આપવા ફરજ પાડી શકાય નહીં અને જો સભ્યશ્રી પુંજાભાઇને જવાબ ભૂલ ભરેલ કે ખોટો જણાતો હોય તો નિયમાનુસારની અન્ય કાર્યવાહી કરી શકે છે તેમ જણાવી સભાગૃહની આગળની કાર્યવાહી હાથ ધરવાનો આદેશ કર્યો.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક–૧– સન ૨૦૨૨નો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

(૨) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

(૩) બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા(પંચાલ)**

(૪) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

(૫) ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની

સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૬) ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા(પંચાલ)**

(૭) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

(૮) સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડીંગ ઓફ ઇલેક્ટ્રીકલ પાવર એન્ડ કો-ઓર્ડીનેશન એક્ટિવિટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૧૫-૨-૨૦૨૨નું જાહેરનામા ક્રમાંક-ઘઇ/૨૦૨૨-૧૦/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨)

**માનનીય રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ**

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલા વિધેયકો**

સચિવશ્રીએ, ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૧નાં વિધેયક ક્રમાંક-૨૧, ૨૨ અને ૨૪ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**૭. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૧-૨૦૨૨ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

**૮. અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચવાનું શરૂ કર્યું.

**૯. વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સન ૨૦૨૨-૨૦૨૩ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું અંદાજપત્ર પ્રવચન વાંચી રહ્યા હતા તે દરમિયાન માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ અંદાજપત્ર પ્રવચનનું વાચન ચાલુ રહે તે હેતુથી વિરામનો સમય રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને વિપક્ષના દંડકશ્રી ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કર્યો.

**૧૦. અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રીએ સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષ માટેનું તેમનું અધૂરું રહેલ અંદાજપત્ર પ્રવચન પૂરું કર્યું અને સન ૨૦૨૨-૨૦૨૩ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર ગૃહના મેજ ઉપર મૂક્યું.

**સભાગૃહ, શુક્રવાર તા.૪થી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૩.૦૫ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૩જી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**શુક્રવાર, તા.૪થી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા. ૪થી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬ થી ૨૧૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. સભ્યશ્રીને સસ્પેન્ડ કરવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજ તા.૪થી માર્ચ ૨૦૨૨ના રોજના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન સભ્યશ્રી પુંજાભાઇ વંશે અસંસદીય અને અશોભનીય શબ્દોનું ઉચ્ચારણ કરી ગૃહની ગરિમાને હાનિ પહોંચાડી હોઇ તેમને સભાગૃહની કાર્યવાહીમાંથી સાત દિવસ માટે સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. જેને માનનીય મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ સમર્થન આપતાં પ્રસ્તાવનો સભાગૃહે સ્વીકાર કર્યો અને માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી પુંજાભાઇ વંશને સભાગૃહની કાર્યવાહીમાંથી સાત દિવસ માટે સસ્પેન્ડ કર્યા.

**૩. સભાત્યાગ**

સભ્યશ્રી પુંજાભાઇ વંશને સભાગૃહની કાર્યવાહીમાંથી સાત દિવસ માટે સસ્પેન્ડ કરવાના વિરોધમાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

**૪. સરકારી વિધેયકો**

**(૧)** માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સી. કે. રાઉલજી
(૨) શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ
(૩) શ્રી પીયુષ દિ. દેસાઇ
(૪) શ્રી નીતિનભાઇ ર.પટેલ(પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી નીતિનભાઇ પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૨)** માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૨૨નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા
(૨) શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર

(૩) શ્રી મહેશકુમાર ક. રાવલ
(૪) શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, સોમવાર તા.૭મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧.૫૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૪થી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૪

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**સોમવાર, તા.૭મી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૭મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬ થી ૨૪૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. સભ્યશ્રીનું સસ્પેન્શન રદ કરવા અંગે**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ સભ્યશ્રી પુંજાભાઇ વંશનું સસ્પેન્શન આજથી રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ મત ઉપર મૂકયો અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી રાકેશભાઇ જ. શાહે, સભ્યશ્રી અભેસિંહ મો. તડવીના અનુમોદનથી તા.૨જી માર્ચ, ૨૦૨૨ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ સભ્ય શ્રીમતી ગેનીબેન ઠાકોર, શ્રી ગુલાબસિંહ રાજપૂત, શ્રી નથાભાઇ પટેલ, શ્રી કાન્તિભાઇ ખરાડી, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી ભરતજી ઠાકોર, શ્રી અશ્વિનભાઇ કોટવાલ, શ્રી જશુભાઇ પટેલ, શ્રી ડો. સી.જે.ચાવડા, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી લાખાભાઇ ભરવાડ, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી શૈલેષ પરમાર, શ્રી ઋત્વિકભાઇ મકવાણા, શ્રી લલિતભાઇ કગથરા, શ્રી મોહમદજાવીદ પીરજાદા, શ્રી પ્રવિણભાઇ મુસડીયા, શ્રી હર્ષદકુમાર રીબડિયા, શ્રી બાબુભાઇ વાજા, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ભગાભાઇ બારડ, શ્રી મોહનલાલ વાળા, શ્રી વીરજીભાઇ ઠુમર, શ્રી પ્રતાપભાઇ દુધાત, શ્રી અંબરીશભાઇ ડેર, શ્રી પુનમભાઇ પરમાર, શ્રી અજીતસિંહ ચૌહાણ, શ્રી વજેસિંગભાઇ પણદા, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી સંજયભાઇ સોલંકી, શ્રી પુનાભાઇ ગામીત અને શ્રી સુનિલભાઇ ગામીતે પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ અને તેના સુધારા પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી રાકેશભાઇ જ. શાહ
(૨) શ્રી અભેસિંહ મો. તડવી
(૩) શ્રી સુખરામભાઇ હ.રાઠવા (વિપક્ષના નેતાશ્રી)
(૪) શ્રી આત્મારામ પરમાર
(૫) શ્રી સુરેશભાઇ પટેલ
(૬) શ્રી વિક્રમભાઇ માડમ

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

(૭) શ્રી વી.ડી. ઝાલાવાડિયા
(૮) શ્રી બળદેવજી ઠાકોર
(૯) શ્રી વીરજીભાઇ ઠુમર
(૧૦) શ્રી બચુભાઇ ખાબડ
(૧૧) ડો. કિરીટકુમાર ચી.પટેલ
(૧૨) શ્રી અક્ષયકુમાર ઇ.પટેલ
(૧૩) શ્રી ભરતભાઇ ડી.પટેલ
(૧૪) શ્રી લલિતભાઇ ક. કગથરા
(૧૫) શ્રી ધર્મેન્દ્રસિંહ મે.જાડેજા
(૧૬) શ્રી જશુભાઇ શી.પટેલ
(૧૭) શ્રી કનુભાઇ ક.પટેલ
(૧૮) શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર
(૧૯) શ્રી અજમલજી ઠાકોર
(૨૦) શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી (માનનીય શિક્ષણ મંત્રીશ્રી)

**સભાગૃહ, મંગળવાર તા.૮મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૫૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૭મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**મંગળવાર, તા.૮મી માર્ચ, ૨૦૨૨**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલાઓને શુભેચ્છા**

વિશ્વ મહિલા દિન નિમિત્તે માનનીય અધ્યક્ષશ્રીએ રાજ્ય, દેશ અને દુનિયાની તમામ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવી. જેમાં શ્રીમતી માલતીબેન મહેશ્વરી અને શ્રીમતી ગેનીબેન ઠાકોરે સૂર પૂરાવી રાજ્ય, દેશ અને દુનિયાની તમામ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવી.

**૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી રાકેશભાઇ જ. શાહે, સભ્યશ્રી અભેસિંહ મો. તડવીના અનુમોદનથી તા. ૨જી માર્ચ ૨૦૨૨ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી પ્રદિપસિંહ જાડેજા | (૮) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| (૨) શ્રી પુંજાભાઇ વંશ | (૯) શ્રી જગદીશભાઇ પટેલ |
| (૩) શ્રી વિવેકભાઇ પટેલ | (૧૦) શ્રી નૌશાદ સોલંકી |
| (૪) શ્રી હિતુભાઇ કનોડીયા | (૧૧) શ્રી જવાહર ચાવડા |
| (૫) ડો. સી. જે. ચાવડા | (૧૨) શ્રી બાબુભાઇ જ. પટેલ |
| (૬) શ્રી શંભુજી ઠાકોર | (૧૩) શ્રી ભગાભાઇ બારડ (પ્રવચન અધૂરું) |
| (૭) શ્રી કિશોર ચૌહાણ | |

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી ભગાભાઇ બારડે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧૪) શ્રી મહેશકુમાર રાવલ | (૨૧) શ્રી અરૂણસિંહ રણા |
| (૧૫) શ્રી પ્રતાપભાઇ દુધાત | (૨૨) શ્રી અનંતકુમાર પટેલ |
| (૧૬) શ્રી રમણલાલ પાટકર | (૨૩) શ્રીમતી ઝંખનાબેન પટેલ |
| (૧૭) શ્રી શૈલેષ પરમાર | (૨૪) શ્રી બાબુભાઇ વાજા |
| (૧૮) શ્રી દુષ્યંતભાઇ પટેલ | (૨૫) શ્રીમતી માલતીબેન મહેશ્વરી |
| (૧૯) શ્રી અંબરીશભાઇ ડેર | (૨૬) શ્રી વિમલભાઇ ચુડાસમા |
| (૨૦) શ્રી સી. કે. રાઉલજી | (૨૭) શ્રી પૂર્ણેશ મોદી(માન. માર્ગ અને મકાન મંત્રીશ્રી) |

**સભાગૃહ, બીજી બેઠક માટે સાંજના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૨૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્યના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. વિશ્વ મહિલા દિન નિમિત્તે મુખ્યમંત્રીશ્રીની જાહેરાત**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વિશ્વ મહિલા દિન નિમિત્તે રાજ્ય, દેશ અને દુનિયાની તમામ મહિલાઓને શુભેચ્છા પાઠવી ગુજરાત રાજ્યની તમામ મહિલા

ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાં રૂપિયા એક કરોડ પચ્ચીસ લાખનો વધારો કરવાની જાહેરાત કરી.

**૨. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૮મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૨૫૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.**

પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન

સભ્યશ્રી પ્રતાપભાઈ દુધાતે આજ તા.૮મી માર્ચ ૨૦૨૨ના રોજની પ્રશ્નોત્તરીના અગ્રતા ક્રમ– ૨૧૧નો જવાબ સાચો ન હોવા બાબતે પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશનનો મુદ્દો ઉપસ્થિત કર્યો. જેનો માનનીય રાજ્યકક્ષાના ઊર્જા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે ''કિસાન સૂર્યોદય યોજના'' અન્વયે રોટેશન પ્રમાણે વીજળી આપવામાં આવે છે તેમ જણાવ્યું.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.**

(૧) ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ**

(૨) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા(પંચાલ)**

(૩) ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૦–૨૧ નો વાર્ષિક અહેવાલ

**માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી નરેશભાઈ પટેલ**

(૪) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણ**

(૫) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૨૧–૨૨ના અંદાજપત્ર તથા સન ૨૦૨૦–૨૧ના સુધારેલ અંદાજપત્ર

**માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણ**

(૬) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ તથા હિસાબો પરનો ઓડિટ અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા(પંચાલ)**

(૭) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો વર્ષ ૨૦૧૭–૧૮નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી અરવિંદ રૈયાણી**

(૮) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય રાજ્ય કક્ષાના શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી વિનોદભાઈ મારડિયા**

(૯) સન ૧૯૫૭ના ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ અન્વયેના

ઉદ્યોગ અને ખાણ વિભાગના,

(૧) તા.૨૪/૦૫/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃજીયુ–૨૦૧૭–(૨૧)એમસીઆર–

૧૦૨૦૧૭–એમએમ– ૫૨૪–છ,

(૨) તા.૧૦/૦૮/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ જીયુ/૨૦૧૭/૨૬/એમસીઆર–૧૦૨૦૧૭–એમએમ– ૯૯૫–છ,

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા(પંચાલ)**

(૧૦) સન ૧૯૪૮ના કારખાના અધિનિયમ અન્વયેના શ્રમ અને રોજગાર વિભાગના તા.૧૦/૦૫/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ જીએચઆર/૨૦૨૧/૩૯/એફએસી/૧૪૨૦૨/૧૯૪/એમ૩ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શ્રમ મંત્રીશ્રી બ્રિજેશ મેરજા**

**૩. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

(૧) **કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

(૨) **જાહેર સાહસો માટેની સમિતિના પંદરમા અને સોળમા અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સમિતિના પંદરમો અને સોળમો અહેવાલ રજૂ કર્યો.

**૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૫. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી રાકેશભાઇ જ. શાહે, સભ્યશ્રી અભેસિંહ મો. તડવીના અનુમોદનથી તા. ૨જી માર્ચ ૨૦૨૨ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ગણપતસિંહ વસાવા

(૨) શ્રી અમિત ચાવડા

**વિપક્ષના નેતાશ્રી અને સભ્યશ્રીઓની અટકાયત અંગે**

સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ કોંગ્રેસ સેવાદળની મહિલાઓની રેલી દરમિયાન બનેલ બનાવો અને વિપક્ષના નેતાશ્રી સુખરામભાઇ રાઠવા અને દંડકશ્રી ડો.સી.જે.ચાવડાની અટકાયત બાબતે માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીનું ધ્યાન દોરી જવાબ આપવા વિનંતી કરી. માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ કોંગ્રેસ સેવાદળની મહિલાઓ વિધાનસભાનો ઘેરાવ કરવાના ઇરાદાથી આગળ વધી રહી હોઇ, તેમની અટકાયત કરવી જરૂરી હતી તેમ જણાવ્યું. વધુમાં આ મહિલાઓનું સન્માન જળવાયું છે અને કોઇ અનિચ્છનીય બાબત બની નથી તેમ જણાવી સમગ્ર ઘટના અંગેની ઓડિયો અને વિડીયો સીડી માનનીય અધ્યક્ષશ્રી સમક્ષ રજૂ કરીશ તેમ જણાવ્યું. જેને ચકાસીને માનનીય અધ્યક્ષશ્રી આ અંગે નિર્ણય કરે તેવી વિનંતી કરી. માનનીય અધ્યક્ષશ્રીએ સીડીની તપાસ કરી આવતી કાલે નિર્ણય જાહેર કરશે તેમ જણાવ્યું.

આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા. ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી બાબુભાઇ બોખીરિયા

(૪) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

(૫) શ્રી હિંમતસિંહ પટેલ

(૬) શ્રી ઇશ્વરભાઇ પરમાર (પ્રવચન અધૂરું)

**(વિરામ સાંજના ૫.૩૦થી ૬.૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમારે વિરામ પહેલાનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૮) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૯) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૧૦) શ્રી કિશોરભાઇ કાનાણી
(૧૧) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૧૨) શ્રી કેતનભાઇ ઇનામદાર
(૧૩) શ્રી રઘુભાઇ દેસાઇ
(૧૪) શ્રી અરવિંદકુમાર જી.પટેલ
(૧૫) શ્રી ઇમરાન ખેડાવાલા
(૧૬) શ્રી શશીકાંત પંડ્યા
(૧૭) શ્રી રાજેશભાઇ ગોહિલ
(૧૮) શ્રી રમણભાઇ પટેલ
(૧૯) શ્રી આનંદભાઇ ચૌધરી
(૨૦) શ્રી જીગ્નેશકુમાર મેવાણી

આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આપ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર રજૂ થયેલા સુધારા ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૭ અને ૩૮ મત ઉપર મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા.૯મી માર્ચ, ૨૦૨૨ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૭.૫૪ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૮મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૬

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**બુધવાર, તા.૯મી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૯મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૨૨૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નના જવાબ અંગે**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે આજ તા.૦૯–૦૩–૨૦૨૨ની બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૧૭૪માં સભ્યશ્રીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં વિસંગતતા હોવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય મંત્રીશ્રીને આ બાબતે તપાસ કરી જરૂરી સ્પષ્ટતા કરવા જણાવ્યું.

**૩. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી ઝંખનાબેન પટેલે સમિતિનો પંદરમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૪. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતના માનનીય પ્રમુખશ્રી ઝંખનાબેન પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

'' આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની
સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૮. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

પૂરક માગણીઓ રજૂ કરવાના તબક્કે માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૧–૨૨ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૪૯, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૪, વીજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૧૩, કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૭૯ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૮૯ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક ૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨ અને ૩, પૂરક માગણી ક્રમાંક ૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩, ૪, ૫, ૬ અને ૭, પૂરક માગણી ક્રમાંક ૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૮, ૯, ૧૦ અને ૧૧, પૂરક માગણી ક્રમાંક ૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ તથા પૂરક માગણી ક્રમાંક ૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી રાકેશભાઇ શાહ
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી જગદીશભાઇ પટેલ
(૫) શ્રી વીરજીભાઇ ઠુમર
(૬) શ્રી વલ્લભભાઇ કાકડીયા
(૭) શ્રી મહેશકુમાર રાવલ
(૮) શ્રી પ્રવિણભાઇ મુસડીયા
(૯) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૧૦) શ્રી ગોવિંદભાઇ પટેલ (પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી ગોવિંદભાઇ પટેલે પોતાનું અધૂરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૧) શ્રી વજેસિંગભાઇ પણદા
(૧૨) શ્રી અરવિંદકુમાર ગાં.પટેલ
(૧૩) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૧૪) શ્રી લલિતભાઇ વસોયા
(૧૫) શ્રી શૈલેષભાઇ મહેતા
(૧૬) શ્રી શશીકાન્ત પંડ્યા
(૧૭) શ્રી અમરીશભાઇ ડેર
(૧૮) શ્રી જે.વી.કાકડિયા
(૧૯) શ્રીમતી સીમાબેન મોહિલે
(૨૦) શ્રી શિવાભાઇ ભૂરિયા
(૨૧) શ્રી વી.ડી.ઝાલાવાડિયા
(૨૨) શ્રી ભગાભાઇ બારડ
(૨૩) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૨૪) શ્રી પ્રતાપભાઇ દુધાત

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ પૂરક માગણીઓ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૪૯, ૪, ૧૩, ૭૯ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, ગુરુવાર તા. ૧૦મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૪૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૯મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૭

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**ગુરુવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૨૨**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સભ્યશ્રીને તાકીદ કરી અસંસદીય અને અશોભનીય ઉચ્ચારણો દૂર કરવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૯મી માર્ચ ૨૦૨૨ના રોજ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન સભ્યશ્રી શૈલેષ પરમાર દ્વારા ગૃહને ગેરમાર્ગે દોરતા કરેલ ઉચ્ચારણો ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો નિર્ણય જાહેર કર્યો. ભવિષ્યમાં આવા ઉચ્ચારણો કરવાથી દૂર રહેવા સભ્યશ્રી પરમાર તથા ગૃહના તમામ સભ્યોને તાકીદ કરી.

**૨. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૧૦૨, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૯, નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૨૨, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૩૯ તથા માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૮૬ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક ૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, પૂરક માગણી ક્રમાંક ૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪, ૫ અને ૬, પૂરક માગણી ક્રમાંક ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૮ તથા પૂરક માગણી ક્રમાંક ૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીન માટેનો સમય બપોરના ૧.૩૦ વાગ્યાનો ઠરાવવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) ડો. કિરીટકુમાર પટેલ | (૧૦) શ્રી બાબુભાઇ પટેલ |
| (૨) શ્રી આત્મારામ પરમાર | (૧૧) શ્રીમતી ગેનીબેન ઠાકોર |
| (૩) શ્રી અજીતસિંહ ચૌહાણ | (૧૨) શ્રી રમણભાઇ પટેલ |
| (૪) શ્રી સી.કે.રાઉલજી | (૧૩) શ્રી સુરેશભાઇ પટેલ |
| (૫) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા | (૧૪) શ્રી જશુભાઇ પટેલ |
| (૬) શ્રી શંભુજી ઠાકોર | (૧૫) શ્રી ધનજીભાઇ પટેલ |
| (૭) શ્રી કનુભાઇ બારૈયા | (૧૬) શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| (૮) શ્રી કિશોરસિંહ ચૌહાણ | (૧૭) શ્રી વિવેકભાઇ પટેલ |
| (૯) શ્રી નૌશાદ સોલંકી | (૧૮) શ્રી ચંદનજી ઠાકોર |

**વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦**

| | |
|---|---|
| (૧૯) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા | (૨૨) શ્રી મોહનલાલ વાળા |
| (૨૦) શ્રી ઋત્વિકભાઇ મકવાણા | (૨૩) શ્રી હિતુભાઇ કનોડિયા |
| (૨૧) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા | (૨૪) શ્રી ગુલાબસિંહ રાજપૂત |

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૪, ૫, ૬, ૮ અને ૧૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૧૦૨, ૯, ૨૨, ૩૯ અને ૮૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. ગિલોટીન થયેલી માગણીઓ**

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૧–૨૦૨૨ના વર્ષના અનુદાનો

માટેની પૂરક માગણી ક્રમાંક ૨, ૬, ૧૦, ૧૬, ૨૩, ૨૭, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૪૦, ૪૩, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૫, ૫૭, ૬૦, ૬૧, ૬૨, ૬૬, ૬૭, ૭૦, ૭૪, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૩, ૯૫, ૯૬, ૧૦૧ અને ૧૦૬ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે સાંજના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧.૨૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨ અને ૩ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૪ થી ૧૮૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૪–૩૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરીમાં ઓછા પ્રશ્નો પૂછાવા અંગે**

માનનીય સભ્યશ્રી અમિત ચાવડાએ આજ તા.૧૦મી માર્ચ ૨૦૨૨ના રોજ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન માનનીય મંત્રીશ્રીઓ દ્વારા ખૂબ લાંબા જવાબ આપવાના કારણે માત્ર ત્રણ પ્રશ્નોની ચર્ચા હાથ ધરી શકવા અંગેનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો. જે બાબતે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ નર્મદા અને ગૃહ વિભાગને લગતા અગત્યના પ્રશ્નો હોઇ અને સભ્યશ્રીઓએ પણ લંબાણપૂર્વકના પ્રશ્નો પૂછેલ હોઇ, સભાગૃહના સભ્યોને વધુ માહિતી મળી શકે તે માટે તેમણે વધુ સમય આપેલ હોવાનું જણાવી, સભ્યશ્રી અમિત ચાવડાનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો.

**૩. મંત્રીશ્રીનું ક્લેરીફિકેશન**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે તા.૯મી માર્ચ ૨૦૨૨ના રોજ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન પ્રશ્ન અગ્રતા ક્રમ–૧૭૪ના જવાબમાં વિસંગતતા હોવા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરેલ હતો. જેના અનુસંધાને માનનીય રાજ્યકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બ્રિજેશ મેરજાએ પ્રશ્નને અનુરૂપ જ જવાબ હોવાની સ્પષ્ટતા કરી.

**૪. રાજ્યકક્ષાના રમત–ગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)**

માનનીય રાજ્યકક્ષાના રમત–ગમત મંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગુજરાત ખેલકૂદ નીતિ–૨૦૨૨ સંબંધમાં નિયમ–૪૪ હેઠળનું નિવેદન કર્યું.

સભ્યશ્રી શૈલેષ પરમારે માનનીય રાજ્યકક્ષાના રમત–ગમત મંત્રીશ્રી હર્ષ સંઘવીએ કરેલ નિવેદનમાં કોઇ નીતિ વિષયક બાબત નથી તેમ જણાવ્યું. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીનું નિવેદન નિયમ મુજબ હોવાનું મંતવ્ય વ્યક્ત કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ મારી પરવાનગી લઇને કરેલ નિવેદન નિયમ મુજબ હોવાનું તેમજ નિયમ–૪૪ હેઠળનું નિવેદન નીતિ વિષયક બાબતને લગતું હોવાનું જરૂરી નથી તેમ જણાવ્યું.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી મોહનભાઇ ઢોડિયાએ સમિતિનો છઠ્ઠો અને સાતમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( પહેલો દિવસ )**

બુધવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૨૨–૨૦૨૩ના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઇ રાઠવા (વિરોધપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી પંકજભાઇ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી)
(૩) શ્રી ઋષિકેશ પટેલ ( આરોગ્ય મંત્રીશ્રી)

**વિરામ સાંજના ૫.૫૧થી ૬.૨૦**

**૭. બિન– સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

૧. **દાખલ કરવાના બિન–સરકારી વિધેયક**

સન ૨૦૨૨નું ગુજરાત ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષક વિધેયક – માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા ગેરહાજર હોવાથી દાખલ થઇ શક્યું નહીં.

૨. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૯નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક– માનનીય સભ્યશ્રી મહેશભાઇ રાવલ ગેરહાજર હોઇ રજૂ થયું નહીં.

(૨) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૮નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક– માનનીય સભ્યશ્રી વી.ડી.ઝાલાવાડિયા ગેરહાજર હોઇ રજૂ થયું નહીં.

(૩) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૯નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક– માનનીય સભ્યશ્રી અરવિંદકુમાર પટેલ ગેરહાજર હોઇ રજૂ થયું નહીં.

(૪) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક– ૬– સન ૨૦૨૧નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક – માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા ગેરહાજર હોઇ રજૂ થયું નહીં.

**સભાગૃહ, સોમવાર તા. ૧૪મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬.૨૧ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૦મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૮

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**સોમવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

(ક) **તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬ થી ૨૨૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

(ખ) **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી અને દસમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકી.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**ઈડર પાંજરાપોળમાં મકાઈનો લીલો ઘાસચારો ખાવાથી પશુઓના અવસાન અંગે.**

સભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોરે નિયમ–૧૧૬ અન્વયે ''તાજેતરમાં ઈડર પાંજરાપોળમાં મકાઈનો લીલો ઘાસચારો ખાવાથી પશુઓના અવસાન થતાં પશુપાલકોમાં ભયની લાગણી નિવારવા''અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય પશુપાલન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી પૂર્ણેશ મોદી**

(૨) ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી મનીષા વકીલ**

(૩) ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ ક્લીયરન્સ સેલનું સન ૨૦૨૧–૨૨નું અંદાજપત્રક, ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના સન ૨૦૧૮–૧૯ના વાર્ષિક હિસાબો અને તેના પરનો ઓડીટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઈ મોરડીયા**

(૪) સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેના આ સાથે પત્રકમાં જણાવ્યા મુજબના નાણા વિભાગના કુલ – ૨૧ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૭ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

| No | Notification | Date |
|---|---|---|
| 1. | (GHN-66)GSTR-2020/S.154(61)TH | 03-07-2020 |
| 2. | (GHN-99)GSTR-2020/S.164-65-TH | 21-10-2020 |
| 3. | (GHN-37)GST-2021/S.128(32)TH | 09-06-2021 |
| 4. | (GHN-40)GST-2021/S.9(1)(37)TH | 14-06-2021 |

| | | |
|---|---|---|
| 5. | (GHN-60)GST-2021/S.164(73)TH | 31-08-2021 |
| 6. | (GHN-61)GST-2021/S.128(34)TH | 31-08-2021 |
| 7. | (GHN-62)GST-2021/S.168A(12)TH | 31-08-2021 |
| 8. | (GHN-68)GSTR-2021/S.164(74)TH | 30-09-2021 |
| 9. | (GHN-69)GST-2021/S.25(6D)(3)TH | 30-09-2021 |
| 10. | (GHN-70)GST-2021/S.11(1)(58)TH | 30-09-2021 |
| 11. | (GHN-72)GST-2021/S.11(1)(56)TH | 30-09-2021 |
| 12. | (GHN-73)GST-2021/S.9(3)(16)TH | 30-09-2021 |
| 13. | (GHN-74)GST-2021/S.9(1)(38)TH | 30-09-2021 |
| 14. | (GHN-75)GST-2021/S.9(1)(39)TH | 30-09-2021 |
| 15. | (GHN-81)GST-2021/S.9(1)(41)TH | 27-10-2021 |
| 16. | (GHN-83)GST-2021/S.164(75)TH | 01-11-2021 |
| 17. | (GHN-85)GST-2021/S.1(16)TH | 01-11-2021 |
| 18. | (GHN-91)GST-2021/S.9(1)(43)TH | 25-11-2021 |
| 19. | (GHN-2)GST-2022/S.11(1)(61)TH | 01-01-2022 |
| 20. | (GHN-6)GST-2022/S.9(1)(45)TH | 01-01-2022 |
| 21. | (GHN-7)GST-2022/S.9(1)(46)TH | 01-01-2022 |

(૫) સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેના નાણા વિભાગના,

(૧) તા.૧૭/૦૭/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૫૩) વીએટી- ૨૦૨૧-એસ.૫(૨)(૫૯)-ઠ,

(૨) તા.૧૩/૧૨/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૯૭) વીએટી-૨૦૨૧/એસ.૫(૨)(૬૦)ઠ,

(૩) તા.૦૪/૦૧/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૮) વીએટી-૨૦૨૨/એસ.૫(૨)(૬૧)ઠ,

તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક-૧ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૬) સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના,

(૧) તા.૨૦/૯/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક :જીટીએચ/૨૦૨૧/૧૮/પીડીએસ/૧૦૨૦૨૧/૫૨૭/સી-૧,

(૨) તા.૨૫/૧/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક :જીટીએચ/૨૦૨૨/૧/પીડીએસ/૧૦૨૦૨૦/૧૯૮/સી-૧,

તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક-૧ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી નરેશભાઈ પટેલ**

**૪. સરકારી વિધેયક**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૨૨નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજ રોજ (પૂરક) વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૨૧ના વર્ષના અંદાજપત્ર પરની ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર હોઇ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૮(૩)માં છૂટછાટ મૂકી, (પૂરક) વિનિયોગ વિધેયક પરની ચર્ચા માટે નવ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને ત્રણ–ત્રણ મિનિટનો સમય ફાળવવા તથા તે પૂર્ણ થયે વિનિયોગ વિધેયકને મતદાન ઉપર મૂકવા અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી. જે. ચાવડા
(૨) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૩) શ્રી લલિતભાઇ કગથરા
(૪) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૫) શ્રી ભગાભાઇ બારડ
(૬) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા
(૭) શ્રી પ્રવિણભાઇ મુસડીયા

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ઉપર્યુક્ત વિષય પર ગુરુવાર તા.૧૦મી માર્ચ ૨૦૨૨ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બાબુભાઇ પટેલ
(૨) શ્રી અમિત ચાવડા
(૩) શ્રી ગોવિંદભાઇ પરમાર

**૬. માનનીય સભ્ય ડો. અનિલભાઇ જોષીયારાના દુઃખદ અવસાન અંગે**

માનનીય વિપક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઇ પરમારે વિદ્યમાન સભ્ય ડો. અનિલ જોષીયારાના આજ તા.૧૪મી માર્ચ ૨૦૨૨ના રોજ થયેલ દુઃખદ અવસાન અંગે ઉલ્લેખ કર્યો અને સભાગૃહની બેઠક મુલતવી રાખવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. જેને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ટેકો આપ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ સભ્યશ્રીને શોકાંજલી આપી.

ત્યારબાદ ગૃહે સભ્યશ્રીના દુઃખદ અવસાન નિમિત્તે બે મિનિટ મૌન પાળ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનું બાકીનું કામકાજ મુલતવી રાખવાની જાહેરાત કરી.

**સભાગૃહ, મંગળવાર તા.૧૫મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૨૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૪મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક-૯**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**મંગળવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૨૨**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

ઉપરોક્ત વિષય પર સોમવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૨૨ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બળદેવજી ઠાકોર
(૨) શ્રી અરવિંદકુમાર પટેલ
(૩) શ્રી વિરજીભાઇ ઠુમર
(૪) શ્રી વાસણભાઇ આહિર
(૫) શ્રી મોહનસિંહ રાઠવા
(૬) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૭) શ્રી લલીતભાઇ કગથરા
(૮) શ્રી સુરેશભાઇ પટેલ
(૯) શ્રી અમરીશભાઇ ડેર
(૧૦) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૧૧) શ્રી લાખાભાઇ ભરવાડ
(૧૨) શ્રી જગદીશભાઇ પટેલ
(૧૩) શ્રી રઘુભાઇ દેસાઇ
(૧૪) શ્રી શંભુજી ઠાકોર
(૧૫) શ્રી પી.ડી. વસાવા

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૬) શ્રી ભરતભાઇ પટેલ
(૧૭) શ્રી વજેસિંગભાઇ પણદા
(૧૮) શ્રી વિવેકભાઇ પટેલ
(૧૯) શ્રી મોહનભાઇ ઢોડીયા
(૨૦) શ્રી નથાભાઇ પટેલ
(૨૧) શ્રી કેતનભાઇ ઇનામદાર
(૨૨) શ્રી રમેશભાઇ કટારા
(૨૩) શ્રી નૌશાદ સોલંકી
(૨૪) શ્રી વિજયભાઇ પટેલ
(૨૫) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા
(૨૬) શ્રી લલિતભાઇ વસોયા
(૨૭) શ્રી જે.વી. કાકડિયા
(૨૮) શ્રી જગદીશ વિશ્વકર્મા (રા.ક.ના ઉદ્યોગ મંત્રીશ્રી)

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૩૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧ અને ૨ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા. ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ-૩ની ચર્ચા હાથ ધરવામાં આવી.

**૨. સભાત્યાગ**

સભ્યશ્રી શૈલેષ પરમારના પેટા પ્રશ્નનો માનનીય રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ જવાબ આપી રહ્યા હતા. તેમના જવાબથી સભાગૃહમાં ઉપસ્થિત વિપક્ષના નેતાશ્રી સહિત સૌ સભ્યોએ અસંતોષ વ્યક્ત કર્યો અને સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા. (સાંજના ૪.૧૭)

**૩. તારાંકિત પ્રશ્નોત્તરી(ક્રમશઃ)**

ત્યારબાદ અગ્રતા પ્રશ્ન ક્રમાંક- ૩ની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. ત્યારબાદ અગ્રતા પ્રશ્ન ક્રમાંક-૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬ થી ૨૪૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.**

**૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી બળદેવજી ઠાકોરે નિયમ–૧૧૬ અન્વયે '' તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના કલોલમાં પાણીજન્ય રોગચાળો ફાટી નીકળતા છેલ્લાં બે–ત્રણ દિવસથી ઝાડા–ઉલ્ટીના કેસો સતત વધી રહ્યા છે અને મૃત્યુ પણ નોંધાયેલ છે, જેના કારણે લોકોમાં ભય ફેલાયેલ છે, ત્યારે મૃતકોના પરિવારને સહાય ચૂકવવા અને રોગચાળાને કાબૂમાં લાવવા'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથારે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

**(૧) અંદાજ સમિતિના પાંચમા અને છઠ્ઠા અહેવાલની રજૂઆત**

અંદાજ સમિતિના સભ્યશ્રી શંભુજી ઠાકોરે સમિતિનો પાંચમો અને છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

**(૨) બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી ઝંખનાબેન પટેલે સમિતિનો સોળમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૬. બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી ઝંખનાબેન પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના
સોળમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

(૨) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપ પરમાર**

(૩) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૭-૧૮થી ૨૦૨૦-૨૧ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૧૭-૧૮થી ૨૦૧૯-૨૦ સુધીના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપ પરમાર**

(૪) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપ પરમાર**

(૫) ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

(૬) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૨૨-૨૩ના અંદાજપત્ર તથા સન ૨૦૨૧-૨૨ના

સુધારેલ અંદાજપત્ર

**માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણ**

(૭) નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૪–૧૫ના વર્ષનો મહાનગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ સન ૨૦૧૮–૧૯ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

(૮) સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયેના કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૮/૦૩/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:– જીએચકેએચ/૩૮/ ૨૦૨૨/જીસીએસ/ ૧૦/૨૦૨૧/એમએલએ–૧૬/છ

**માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૨, અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૩, અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક– ૯૩ તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક – ૯૬ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી નરેશભાઇ પટેલે રજૂ કરી તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૫ મહિલા અને બાળ વિકાસ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮, માગણી ક્રમાંક– ૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૯, ૪૧ અને ૪૨, માગણી ક્રમાંક– ૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩, ૪૪, ૪૫ અને ૪૬ તથા માગણી ક્રમાંક– ૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫ અને ૫૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઇ રાઠવા (વિપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી રમેશભાઇ કટારા
(૩) શ્રી આનંદભાઇ ચૌધરી
(૪) શ્રી જયેશકુમાર રાદડીયા (પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ સભ્યશ્રી જયેશકુમાર રાદડીયાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રીમતી ચન્દ્રિકાબેન બારિયા
(૬) શ્રી મોહનભાઇ ઢોડીયા
(૭) શ્રી મોહનસિંહ રાઠવા
(૮) શ્રી વિજયભાઇ પટેલ
(૯) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૧૦) શ્રીમતી સુમનબેન ચૌહાણ
(૧૧) શ્રી વજેસિંગભાઇ પણદા
(૧૨) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૧૩) શ્રી પુનાભાઇ ગામીત
(૧૪) શ્રી અભેસિંહ તડવી
(૧૫) શ્રી કાન્તિભાઇ ખરાડી
(૧૬) શ્રી અરવિંદ પટેલ
(૧૭) શ્રી હિંમતસિંહ પટેલ
(૧૮) શ્રી અંબરીશભાઇ ડેર

ત્યારબાદ મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલે આપ્યો.

ત્યારબાદ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય મંત્રીશ્રી નરેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫ અને ૫૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**૫. સભાત્યાગ**

વિપક્ષના સભ્યશ્રીઓએ સભાગૃહનો સમય લંબાવવાનો ઇન્કાર કરી માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઇ પટેલનો માગણીઓ પરનો જવાબ ટૂંકાવીને પ્રશ્નો પૂછવાનો આગ્રહ રાખ્યો અને સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૨, ૨૩, ૯૩, ૯૬ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તે મંજૂર કરવામાં આવી.

**સભાગૃહ, સોમવાર તા.૨૮મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨.૨૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૫મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક-૧૭**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**સોમવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પોઈન્ટ ઓફ ઓર્ડર**

**પ્રવેશ સમયે માનનીય ધારાસભ્યશ્રીઓના ચેકીંગ બાબત**

સભ્યશ્રી અમિત ચાવડાએ આજ રોજ કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓને સચિવાલય સંકુલ તેમજ વિધાનસભા સંકુલમાં પ્રવેશ સમયે થયેલા ચેકીંગ બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો. સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી વિક્રમભાઇ માડમ, શ્રી લલિતભાઇ કગથરા, શ્રી ભગાભાઇ બારડ, માનનીય મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી તથા શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ તમામ બાબતો તપાસી યોગ્ય કાર્યવાહી કરશે તેમ જણાવ્યું.

**૨. તારાંકિત પ્રશ્નોત્તરી**

(ક) સોમવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨ અને ૩ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૪ થી ૨૧૭ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

(ખ) **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ અગિયારમી, બારમી, તેરમી અને ચૌદમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૬ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ રજૂ કરી.

માગણી ક્રમાંક-૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૧૧ અને ૧૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૪. માનનીય મુખ્યમંત્રીશ્રીનું નિવેદન**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આજની ઘટના સંદર્ભે વિપક્ષની રજૂઆતને ધ્યાને લઇ તમામ ધારાસભ્યશ્રીઓનું સન્માન જળવાય તે બાબતે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ બાબતે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૭ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ રજૂ કરી. સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૨, અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૫ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદીપભાઇ પરમારે રજૂ કરી તથા ક્લાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૭ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫ અને ૨૭, માગણી ક્રમાંક-૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦ અને ૪૧, માગણી ક્રમાંક-૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૨, ૪૪, ૪૬, ૪૭ અને ૪૮ તથા માગણી ક્રમાંક-૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯ અને ૬૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૬. ગૃહની બેઠક મુલતવી રાખવી**

માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશે વન સંરક્ષકની જાહેર પરીક્ષા બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કર્યો. જેને માનનીય અધ્યક્ષશ્રીએ પરવાનગી ન આપતાં, વિપક્ષના વેલમાં આવેલ સભ્યશ્રીઓ શ્રી પુનાભાઇ ગામીત, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી ઋત્વિકભાઇ મકવાણા, શ્રી કાન્તિભાઇ ખરાડી, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રી રઘુભાઇ દેસાઇ, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી રાજેશભાઇ ગોહિલ, શ્રી મોહનલાલ વાળા, શ્રી વજેસિંગભાઇ પણદા, શ્રી સુનિલભાઇ ગામીત, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી કાળાભાઇ ડાભી વગેરેને માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સાર્જન્ટો દ્વારા બહાર લઇ જવામાં

આવ્યા. વિપક્ષના તમામ સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર થતાં, માનનીય અધ્યક્ષશ્રી દ્વારા શાંતિ જાળવવાની વારંવારની અપીલ છતાં સૂત્રોચ્ચાર અને પ્રદર્શન ચાલુ રહેતાં સભાગૃહની કાર્યવાહી ચલાવવાનું અશક્ય જણાતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહ ૧૫ મિનિટ માટે મુલતવી રાખ્યું. **(બપોરના ૧.૧૭)**

**મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧.૩૫ વાગ્યે ફરી મળ્યું.**

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બળદેવજી ઠાકોર
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી ભગાભાઇ બારડ
(૫) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ

**૮. પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ દ્વારા ઉચ્ચારાયેલ સોશિયલ મિડીયા અંગેના શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના તથા સરકારના તાબામાં ન હોઇ સભાગૃહમાં આ બાબત ઉપસ્થિત કરી શકાય નહીં તે બાબતે પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશનનો મુદ્દો ઉપસ્થિત કર્યો જેને માનનીય અધ્યક્ષશ્રીએ ગ્રાહ્ય રાખ્યો.

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી હર્ષદકુમાર રીબડીયા

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી દિલીપકુમાર ઠાકોર

**૧૦. સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

માનનીય વિપક્ષના દંડક ડો. સી.જે. ચાવડાએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઉપરની માગણીઓ પર વિપક્ષના સભ્યશ્રીઓને વધુ તક મળે તે માટે ૨૦ મિનિટ જેટલો વધારે સમય ફાળવવા માટેની દરખાસ્ત કરતાં, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ દરખાસ્તને ટેકો આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વિપક્ષને ૨૦ મિનિટનો સમય વધારે આપવાની જાહેરાત કરી.

**૧૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી નૌશાદ સોલંકી
(૧૦) શ્રી શૈલેષ પરમાર
(૧૧) શ્રી ભરતભાઇ પટેલ
(૧૨) શ્રી પ્રતાપભાઇ દૂધાત
(૧૩) શ્રી બાબુભાઇ વાજા
(૧૪) શ્રી જશપાલસિંહ પઢિયાર
(૧૫) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૬) શ્રી મોહનસિંહ રાઠવા
(૧૭) શ્રી કરશનભાઇ સોલંકી
(૧૮) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૧૯) શ્રી સુખરામભાઇ રાઠવા(વિપક્ષના નેતાશ્રી)

ત્યારબાદ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદીપભાઇ પરમારે આપ્યો.

ત્યારબાદ વન અને પર્યાવરણ તથા કલાઇમેટ ચેન્જ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૭, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૯૨, ૯૫ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૨. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**માનનીય રાજ્યપાલશ્રીના પ્રાકૃતિક ખેતી પરના વર્કશોપ બાબત.**

માનનીય અધ્યક્ષશ્રીએ આજ તા.૨૮મી માર્ચ ૨૦૨૨ના રોજ રાજ ભવન ખાતે સાંજના ૭.૦૦ વાગ્યે પ્રાકૃતિક ખેતી પર એક વર્કશોપનું આયોજન કરેલ છે જેમાં માનનીય રાજ્યપાલશ્રીએ આમંત્રણ આપેલ છે તેવી જાહેરાત કરી સૌ સભ્યશ્રીઓને હાજર રહેવા વિનંતી કરી.

**સભાગૃહ, મંગળવાર તા. ૨૯મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૫ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૮મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૧૮

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**મંગળવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૨૨**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૫, કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩ તથા પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ તથા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે રજૂ કરી. ત્યારબાદ મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬ મત્સ્યોદ્યોગ વિભાગના રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી જીતુભાઇ ચૌધરીએ રજૂ કરી. ત્યારબાદ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત–ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક– ૯૮, રમત–ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક– ૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨ અને ૪, માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૭, ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૮, ૧૯, ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક– ૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩ અને ૨૫, માગણી ક્રમાંક– ૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૬, ૨૮ અને ૨૯, માગણી ક્રમાંક– ૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૩, ૩૪, ૩૬ અને ૩૭, માગણી ક્રમાંક– ૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૮, ૪૯ અને ૫૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઇ રાઠવા(વિપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી આત્મારામ પરમાર
(૩) શ્રી લલિતભાઇ કગથરા
(૪) શ્રી ઇશ્વરભાઇ પરમાર
(૫) શ્રી અનંતભાઇ પટેલ
(૬) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૭) શ્રી શશીકાન્ત પંડ્યા
(૮) શ્રી નથાભાઇ પટેલ
(૯) શ્રી ભગાભાઇ બારડ
(૧૦) શ્રી અજમલજી ઠાકોર
(૧૧) શ્રી પુંજાભાઇ વંશ
(૧૨) શ્રી હિતુભાઇ કનોડીયા
(૧૩) શ્રી રાજેશભાઇ ગોહિલ
(૧૪) શ્રી લલિતભાઇ વસોયા
(૧૫) શ્રી અરૂણસિંહ રણા
(૧૬) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૧૭) શ્રી ભરતભાઇ પટેલ

**(વિરામ બપોરના ૧૨.૦૦ થી ૧૨.૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૮) શ્રી વિમલભાઇ ચુડાસમા
(૧૯) શ્રી હિંમતસિંહ પટેલ
(૨૦) શ્રી બલરાજસિંહ ચૌહાણ

**૨. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**પાર–તાપી– નર્મદા લીંક યોજના અંગે**

માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રાજ્ય સરકારની વિનંતીને માન આપીને કેન્દ્ર સરકાર દ્વારા ઇન્ટર સ્ટેટ લિંકિંગ પાર–તાપી–નર્મદા યોજનાને સ્થગિત કરવામાં આવી

હોવાની સભાગૃહને સભાગૃહને જાણકારી આપી.

**૩. માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨૧) શ્રી કનુભાઇ બારૈયા
(૨૨) શ્રી જશુભાઇ પટેલ
(૨૩) શ્રી અક્ષયકુમાર પટેલ
(૨૪) શ્રી અજીતસિંહ ચૌહાણ
(૨૫) શ્રી પ્રવિણભાઇ મુસડીયા
(૨૬) શ્રી અંબરીશભાઇ ડેર

ત્યારબાદ મત્સ્યોદ્યોગ વિભાગની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ મત્સ્યોદ્યોગ વિભાગના રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી જીતુભાઇ ચૌધરીએ આપ્યો.

ત્યારબાદ રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

ત્યારબાદ બંદરો અને વાહન વ્યવહાર વિભાગ તથા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક- ૨, ૪, ૭, ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૮, ૪૯ અને ૫૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૭૫, ૨, ૩, ૪, ૬ અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૪. અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સભ્યશ્રીઓના ગ્રૃપ ફોટોગ્રાફ બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૩૧મી માર્ચ ૨૦૨૨ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે વિધાનસભા ખાતે ધારાસભ્યશ્રીઓનો ગ્રૃપ ફોટોગ્રાફ પાડવા માટેના આયોજનની જાહેરાત કરી.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૨૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્યના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૨૯મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૪, ૬, ૭ અને ૮ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ ૩ અને ૫ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૯ થી ૨૫૨ ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.**

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેનો કાગળ તેની નીચે દર્શાવેલ મંત્રીએ સભાગૃહના મેજ ઉપર મૂક્યો.

(૧) તા. ૧૭/૦૩/૨૦૨૨ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોત્તરીમાં અગ્રતા-૧૫૯ ના અપાયેલ લેખિત જવાબમાં સુધારા કરતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા**

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલા વિધેયકો**

સચિવશ્રીએ, ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧, ૨ અને ૪ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

**૪. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

**૧. કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સોળમો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૨. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી ઝંખનાબેન પટેલે સમિતિનો

અઢારમો અહેવાલ રજૂ કર્યો.

**૫. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

'' આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના સોળમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૬. બિન– સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી ઝંખનાબેન પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અઢારમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

કર વસૂલાત ખર્ચ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૨, વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૩, નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક– ૧૫, કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ)ને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક– ૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક– ૧૭ તથા પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૮ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા નાણા વિભાગના માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક– ૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭, માગણી ક્રમાંક– ૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૨, માગણી ક્રમાંક–૧૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૫ અને ૪૬, માગણી ક્રમાંક– ૧૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૭, ૪૮, ૫૦, ૫૩, ૫૪ અને ૫૫ તથા માગણી ક્રમાંક– ૧૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ, માગણીઓ પરની ચર્ચાની શરૂઆતમાં માગણીઓ પરની ચર્ચાના સમય અને ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પરેશભાઇ ધાનાણી
(૨) શ્રી સૌરભભાઇ પટેલ
(૩) શ્રી શૈલેષભાઇ પરમાર
(૪) શ્રી દુષ્યંતભાઇ પટેલ

**વિરામ સાંજના ૫.૩૦થી ૬.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) ડો. કિરીટકુમાર પટેલ
(૬) શ્રી જગદીશભાઇ પટેલ
(૭) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૮) શ્રી નીતિનભાઇ પટેલ
(૯) શ્રી પ્રતાપભાઇ દૂધાત

ત્યારબાદ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા નાણાં વિભાગની ચર્ચાનો જવાબ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા નાણા વિભાગના માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક – ૧, ૨, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૩, ૫૪, ૫૫ અને ૫૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૮. સન ૨૦૨૨–૨૩ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ માગણી ક્રમાંક– ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯,

૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી. જે મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા.૩૦મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૭.૦૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૯મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

ક્રમાંક–૧૯

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**બુધવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

(ક) **તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૨૭૭ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

(ખ) **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પંદરમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. સરકારી વિધેયકો**

(૧) માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૨નું ગુજરાત વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિનિયોગ વિધેયક ઉપર આપેલા મુદ્દા અને તેની ચર્ચા માટેની સમય મર્યાદા અંગે જાહેરાત કરી.

ત્યારબાદ મુદ્દા આપનાર નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અંબરીશભાઇ ડેર
(૨) શ્રી રઘુભાઇ દેસાઇ
(૩) શ્રી ભગાભાઇ બારડ
(૪) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૬) શ્રી પુંજાભાઇ વંશ
(૭) શ્રી નૌશાદ સોલંકી
(૮) શ્રી લલિતભાઇ કગથરા
(૯) શ્રી આનંદભાઇ ચૌધરી
(૧૦) શ્રી કનુભાઇ બારૈયા
(૧૧) શ્રી રાજેશકુમાર ગોહિલ
(૧૨) શ્રી બાબુભાઇ વાજા
(૧૩) શ્રી પુનાભાઇ ગામીત
(૧૪) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૫) શ્રી પ્રતાપભાઇ દૂધાત
(૧૬) શ્રી મોહનલાલ વાળા
(૧૭) ડો. કિરીટકુમાર પટેલ
(૧૮) શ્રી લલિતભાઇ વસોયા

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૨૨નું ગુજરાત જાહેર સલામતી(પગલાં) અમલીકરણ વિધેયક દાખલ કરી પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

**૩. સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના દિવસની કામકાજની યાદીમાં સમાવિષ્ટ બાકીના બે વિધેયકો ઉપરની ચર્ચા પૂર્ણ થાય અને તે પસાર થાય ત્યારબાદ બિન–સરકારી કામકાજ હાથ ધરાય અને તેના ઉપરની ચર્ચા પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા અને વિરામનો સમય રાબેતા મુજબનો રાખવા માટેની દરખાસ્ત કરતાં, માનનીય વિપક્ષના દંડક ડો. સી. જે. ચાવડાએ દરખાસ્તને ટેકો આપતાં, તદઅનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવવાની અને વિરામનો સમય

રાબેતા મુજબનો રહેશે તેવી જાહેરાત કરી.

**૪. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી. જે. ચાવડા (પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

વિરામ બાદ ડો. સી.જે. ચાવડાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી પ્રદિપસિંહ જાડેજા
(૩) શ્રી પરેશભાઇ ધાનાણી
(૪) શ્રી દુષ્યંતભાઇ પટેલ (નાયબ મુખ્ય દંડકશ્રી)
(૫) શ્રી શૈલેષભાઇ પરમાર
(૬) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૭) શ્રી પુંજાભાઇ વંશ
(૮) ડો. કિરીટકુમાર પટેલ
(૯) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૧૦) શ્રી બળદેવજી ઠાકોર

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય રાજયકક્ષાના શ્રમ મંત્રીશ્રી બ્રિજેશ મેરજાએ, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૨૨નું ગુજરાત અરક્ષિત મજૂરી– કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન)(રદ કરવા બાબત)વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષભાઇ પરમાર
(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૩) શ્રી જિતેન્દ્રભાઇ સુખડીયા
(૪) શ્રી પુંજાભાઇ વંશ

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના શ્રમ મંત્રીશ્રી બ્રિજેશ મેરજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૫. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

(૧) '' નલ સે જલ યોજના'' ને લગતો સંકલ્પ સભ્યશ્રી અરૂણસિંહ રણા સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

(૨) સભ્યશ્રી ભરતજી ઠાકોરે ''જીવન જરૂરી ચીજ–વસ્તુઓના ભાવો અંકુશમાં લેવા માટે નક્કર પગલાં ભરવા કેન્દ્ર સરકારને ભલામણ કરવા અંગેનો '' સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ સંકલ્પ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા
(૨) શ્રી વિવેકભાઇ પટેલ
(૩) ડો. સી. જે. ચાવડા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી નરેશભાઇ પટેલે આપ્યો. ત્યારબાદ સંકલ્પના પ્રભારી સભ્યશ્રી ભરતજી ઠાકોરે આખરી જવાબ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત પર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૩) '' ખેલ મહાકુંભ'' ને લગતો સંકલ્પ સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

**૬. માનનીય સભાપતિશ્રીની જાહેરાત**

**સભ્યશ્રીઓના ગ્રૂપ ફોટોગ્રાફ અંગે**

માનનીય સભાપતિશ્રીએ તા.૩૧મી માર્ચ ૨૦૨૨ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે ગુજરાત વિધાનસભાના પ્રથમ માળે આગળના ભાગે સભ્યશ્રીઓના ગ્રૂપ ફોટોગ્રાફ પાડવાના આયોજન અંગેની જાહેરાત કરી.

**સભાગૃહ, ગુરુવાર તા.૩૧મી માર્ચ ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૭.૩૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૩૦મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

**ક્રમાંક–૨૦**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**ગુરુવાર, તા.૩૧મી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૩૦ વાગ્યે મળ્યું**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૩૧મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ ૧ નો મૌખિક જવાબ આપવામાં આવ્યો. ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ ૨ ની ચર્ચા હાથ ધરવામાં આવી.

**૨. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય સભ્ય ડો. સી. જે. ચાવડાના પ્રશ્નના અનુસંધાને માનનીય સભ્યશ્રી નીતિનભાઇ પટેલ ક્લેરિફિકેશન આપી રહ્યા હતા ત્યારે વિપક્ષના સભ્યશ્રીઓ વેલમાં આવી અને સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં તેઓ પોતાના સ્થાને પરત ન જતાં, સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય લાગતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક ૧૫ મિનિટ માટે મુલતવી રાખી.**(સવારના ૧૧.૧૯)**

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૩ થી ૨૦૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**(મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૧૧.૩૬ વાગ્યે ફરી મળી)**

**૩. માનનીય અધ્યક્ષશ્રીનું અવલોકન**

માનનીય અધ્યક્ષશ્રીએ આજ તા.૩૧મી માર્ચ ૨૦૨૨ના રોજ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન બનેલ ઘટનાનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય અને ગૃહની ગરિમા જળવાય તે બાબતે માનનીય સભ્યશ્રીઓને જરૂરી સૂચનાઓ આપી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ માનનીય મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૨૦–૨૧ ના વર્ષના રાજ્યના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (ગુજરાતી અને અંગ્રેજી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૨૦–૨૧ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી અને ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૨૦–૨૧ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૩) ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડના સન ૨૦૧૬–૧૭થી ૨૦૧૮–૧૯ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણ**

(૪) ગુજરાત સ્ટેટ એવિએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણી**

(૫) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

(૬) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ**

(૭) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

(૮) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

(૯) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપભાઈ પરમાર**

(૧૦) ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપભાઈ પરમાર**

(૧૧) દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૨૦–૨૧ નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદિપભાઈ પરમાર**

(૧૨) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૦નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૧૩) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૧૪) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા(પંચાલ)**

(૧૫) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૧–૨૨ના સુધારેલા અંદાજો અને ૨૦૨૨–૨૩ના અંદાજો

**માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણી**

(૧૬) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણી**

(૧૭) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ વાર્ષિક હિસાબ અને ઓડીટ અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઈ મોરડીયા**

(૧૮) ગુજરાત લોકાયુક્ત આયોગનો સન ૨૦૧૮–૧૯થી સન ૨૦૨૦–૨૧ સુધીનો એકત્રિત વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

(૧૯) સન ૨૦૦૩ના ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ અન્વયેના ગૃહ વિભાગના તા.૩/૩/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૫૫/એસબી.૨/ કેએમબી/ ૧૩૨૦૨૦/ એમએલએ–એમપી–૪–૫

**માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૨૦) સન ૨૦૧૮ના ગુજરાત અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ (જાતિ પ્રમાણપત્ર કાઢી આપવાનું અને તેની ખરાઇ કરવાનું નિયમન કરવા) બાબત અધિનિયમ અન્વયેના આદિજાતિ વિકાસ વિભાગના,

(૧) તા. ૨૨/૧૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/ટીડી/૧૦/ એજેપી / ૧૧૨૦૨૧/૪૧૯/ ચ(પી.એફ)

(૨) તા. ૦૩/૦૧/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/ટીડી/૦૧/એજેપી/ ૧૧૨૦૨૧/૪૧૯/ ચ(પી.એફ)

**માનનીય રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથાર**

**૫. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ ઉપર ખાલી પડેલ બે અને જાહેર સાહસો માટેની સમિતિ ઉપર ખાલી પડેલ એક સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

**૬. સરકારી વિધેયકો**

(૧) માનનીય શિક્ષણ મંત્રીશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૨નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કરી પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર

**(વિરામ બપોરના ૧૨.૩૦થી ૧.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી પંકજભાઇ દેસાઇ (મુખ્ય દંડકશ્રી)
(૩) ડો. કિરીટકુમાર પટેલ
(૪) શ્રી વિવેકભાઇ પટેલ
(૫) શ્રી નૌશાદ સોલંકી
(૬) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા
(૭) ડો. સી. જે. ચાવડા
(૮) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૯) શ્રી બળદેવજી ઠાકોર (પ્રવચન અધૂરું)

**૭. સભાગૃહનો સમય લંબાવવા તથા વિરામના સમય બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ સભાગૃહનો સમય પૂરો થવા આવતાં આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ બે વિધેયકો પરની ચર્ચા અને મતદાન તથા છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની અને વિરામનો સમય સાંજના ૪.૦૦ વાગ્યે રાખી અડધા કલાકનો વિરામ રાખવાની દરખાસ્ત કરી. જેને વિપક્ષના દંડક ડો. સી. જે. ચાવડાએ અનુમોદન આપતાં, તદઅનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવવાની અને વિરામના સમય અંગેની જાહેરાત કરી.

**૮. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી બળદેવજી ઠાકોરે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૧૧) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૧૨) શ્રી શંભુજી ઠાકોર
(૧૩) શ્રી હિંમતસિંહ પટેલ
(૧૪) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૧૫) શ્રી રાકેશભાઇ શાહ
(૧૬) શ્રી સુરેશભાઇ પટેલ
(૧૭) શ્રી જશુભાઇ પટેલ

**વિરામ સાંજના ૪.૦૦થી ૪.૩૧**

(૧૮) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૧૯) શ્રી રાજેશભાઇ ગોહિલ
(૨૦) શ્રી પુંજાભાઇ વંશ
(૨૧) શ્રી પરેશભાઇ ધાનાણી
(૨૨) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

**૯. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભ્યશ્રીના પ્રવચનને સોશિયલ મિડીયા પર લાઇવ બતાવવા બાબત**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી પ્રવચન કરી રહ્યા

હતા ત્યારે તેમનું પ્રવચન સોશિયલ મિડિયા પર લાઇવ બતાવવામાં આવતું હોવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો. સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી પરેશભાઇ ધાનાણી, શ્રી પ્રદિપસિંહ જાડેજા, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી નીતિનભાઇ પટેલ તથા માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહી લાઇવ બતાવી શકાય નહીં તેમ જણાવ્યું.

**૧૦. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૨૩) શ્રી સુખરામભાઇ રાઠવા (વિપક્ષના નેતાશ્રી)

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયાએ, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક દાખલ કરી તેના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**૧૧. માનનીય શિક્ષણ મંત્રીશ્રીની જાહેરાત**

**પ્રાઇમરી શિક્ષકોની બદલીની જોગવાઇ અંગે.**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ પ્રાઇમરી શિક્ષકોની બદલી માટેના નિયમો તૈયાર થઇ ગયા છે અને તેની ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૧૨. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી નીતિનભાઇ પટેલ
(૨) શ્રી રઘુભાઇ દેસાઇ
(૩) શ્રી મહેશકુમાર રાવલ
(૪) શ્રી લાખાભાઇ ભરવાડ
(૫) શ્રી ભગાભાઇ બારડ
(૬) શ્રીમતી સીમાબેન મોહિલે
(૭) ડો. કિરીટકુમાર પટેલ
(૮) ડો. સી. જે. ચાવડા
(૯) શ્રી નૌશાદ સોલંકી
(૧૦) શ્રી બળદેવજી ઠાકોર
(૧૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૧૨) શ્રી પુંજાભાઇ વંશ (પ્રવચન અધૂરું)

**૧૩. વિરામનો સમય નક્કી કરવા બાબત**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ વિધેયક પરની ચર્ચા અને છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા અધૂરી હોઇ, સભાગૃહમાં વિરામ રાખવા બાબતની દરખાસ્ત કરી, જેને વિપક્ષના દંડક ડો. સી. જે. ચાવડાએ સંમતિ આપતાં, તદઅનુસાર સભાપતિશ્રીએ નીચે મુજબનો વિરામનો સમય રાખવાનું નક્કી કર્યું.

**વિરામ રાત્રીના ૯.૩૨થી ૧૦.૦૦**

**૧૪. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

વિરામ બાદ સભ્યશ્રી પુંજાભાઇ વંશે અધૂરું રહેલું તેમનું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૩) શ્રી જીતેન્દ્રભાઇ સુખડીયા
(૧૪) શ્રી કનુભાઇ બારૈયા
(૧૫) શ્રી ઋત્વિકભાઇ મકવાણા
(૧૬) શ્રી હિંમતસિંહ પટેલ
(૧૭) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૮) શ્રી પરેશભાઇ ધાનાણી
(૧૯) શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
(૨૦) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૨૧) શ્રી સુખરામભાઇ રાઠવા
(૨૨) શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(મહેસૂલ મંત્રીશ્રી)
(૨૩) શ્રી શૈલેષ પરમાર
(૨૪) શ્રી જગદીશ વિશ્વકર્મા(રા.ક.ના ઉદ્યોગ મંત્રીશ્રી)

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયાએ

આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ– ૨ થી ૧૯ વિધેયકનો ભાગ બની.

**કલમ– ૨૦ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ કલમ–૨૦ ઉપરનો તેમનો સુધારો રજૂ કર્યો.

ત્યારબાદ સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ– ૨૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ– ૨૦ વિધેયકનો ભાગ બની.

કલમ–૨૧થી ૩૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨૧થી ૩૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૫. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

**ખેડૂતોને ખેત ઉત્પાદન માટે સવલતો અને દેવા માફી અંગે**

સભ્યશ્રી કાળાભાઇ ડાભીએ ''રાજ્યમાં દિનપ્રતિદિન ખેતીની જમીન અને ખેડૂતોની સંખ્યા ઘટતી જાય છે. ખેડૂતોને જરૂરી સવલતો જેવી કે સિંચાઇનું પાણી, ખાતર, બિયારણ–દવા, વીજળી, પોષણક્ષમ ભાવ અને કુદરતી આફતો સામે સંરક્ષણ, દેવા માફી જેવી બાબતો અંગે'' ચર્ચા–વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જયદ્રથસિંહજી પરમાર
(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૩) શ્રી કરશનભાઇ સોલંકી
(૪) શ્રી પુંજાભાઇ વંશ
(૫) શ્રી અભેસિંહ તડવી
(૬) શ્રી બળદેવજી ઠાકોર
(૭) શ્રી રાઘવજીભાઇ પટેલ(કૃષિ મંત્રીશ્રી)

છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થઇ.

**૧૬. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(નિયમ–૮૭–ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે ૧૦૭ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૭. સત્રાંતે આભાર વિધિ**

માનનીય અધ્યક્ષશ્રીએ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, વિપક્ષના નેતાશ્રી તથા સભાગૃહના તમામ સભ્યશ્રીઓનો સભાગૃહના સુચારુ સંચાલનમાં સહકાર આપવા બદલ અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

**૧૮. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ રાત્રીના ૧.૩૮ વાગ્યે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ ''વંદેમાતરમ્'' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૩૧મી માર્ચ, ૨૦૨૨

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.